# અનુપમ મિશનનાં દેશ-પરદેશનાં વિવિધ કેન્દ્રોમાં પ્રકાશપર્વો

**અનુપમ મિશન, માણાવદર :** પ્રાસાદિક તીર્થસ્થાન માણાવદરમાં પૂ. રણછોડભાઈ, પૂ. દિનેશભાઈ આદિ સંતોનાં માર્ગદર્શને પ્રકાશપર્વો ભક્તિભાવપૂર્વક ઉજવાયાં. ૫ નવેમ્બરના રોજ ધન ત્રયોદશીની પૂજાવિધિ સંપન્ન થઈ. સ્થાનિક યુવાનોએ પૂજનવિધિ કરાવી અને અનેક અક્ષરમુક્તોએ યજમાનપદે બિરાજી લાભ લીધો. પૂ. રણછોડભાઈએ શ્રી લક્ષ્મીપૂજનનો સંકલ્પ કરાવી આશીર્વાદ આપ્યા. ૭ નવેમ્બરના રોજ દિવાળી પર્વ નિમિત્તે શ્રી શારદાપૂજનવિધિ યોજાઈ. ગૃહસ્થો તથા યુવાન-યુવતીઓએ યજમાનપદે બિરાજી શ્રી શારદાપૂજનવિધિનો લાભ લીધો. પૂ. હરેશભાઈ અને પૂ. દીપુભાઈનાં માર્ગદર્શન હેઠળ સુંદર પૂજાવિધિ સંપન્ન થઈ. આ પ્રસંગે સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના વિડિયો-આશીર્વાદ સૌએ પ્રાપ્ત કરી સૌએ ધન્યતા અનુભવી.

૮ નવેમ્બર - નૂતનવર્ષના મંગલ દિને વહેલી સવારે સૌ શ્રી અક્ષરદેરીમાં એકત્ર થયાં. ધૂન-પ્રદક્ષિણા અને દંડવત્ પ્રણામ કરી સૌએ ગદ્‌ગદભાવે પ્રભુ સમક્ષ નવા વર્ષની પ્રાર્થનાઓ ધરી. પૂ. રણછોડભાઈએ વિવિધ કેન્દ્રોમાંથી આવેલા શુભેચ્છા-સંદેશાઓનું પઠન કર્યું અને આશીર્વાદ આપ્યા. પૂ. દિનેશભાઈ અને પૂ. અશોકભાઈનાં માર્ગદર્શને સ્વયંસેવકોએ અદ્‌ભુત અન્નકૂટ ઉત્સવ ઊજવ્યો. સ્થાનિક અક્ષરમુક્તોએ સેંકડો વાનગીઓ પ્રભુને ધરાવી અંતરના ભક્તિભાવ અર્પણ કર્યા. સમગ્ર ઉત્સવ દરમિયાન સેવકોએ સંપ, સુહૃદભાવ અને એકતા જાળવી ભક્તિ અદા કરી. ◆

**(પૂ. નીરવભાઈના અહેવાલ પરથી સંકલિત)**

**અનુપમ મિશન સૉશ્યલ વૅલફૅર સૅન્ટર, ખારઘર, નવી મુંબઈ :** ખારઘર-નવી મુંબઈ સ્થિત મંદિરમાં ૭ નવેમ્બરની સંધ્યાએ દિવાળી ઉત્સવ નિમિત્તે શ્રી લક્ષ્મીપૂજા અને શ્રી શારદાપૂજા સ્થાનિક સંતો પૂ. દિનેશભાઈ અને પૂ. હરિભાઈનાં માર્ગદર્શને ખૂબ આનંદપૂર્વક અને ભક્તિભાવથી સંપન્ન થઈ. પૂજનવિધિનો પ્રારંભ યુવકો દ્વારા સુંદર ધૂન, ભજન અને પ્રાર્થનાથી કરાયો. સંત ભાઈઓ પૂ. દિનેશભાઈ, પૂ. હરિભાઈ, પૂ.ઉમેશભાઈ તથા પ્રધાન આચાર્ય પૂ. ગોપાલભાઈ સાથે યુવકોએ શ્રી લક્ષ્મીપૂજન અને શ્રી શારદાપૂજનની વિધિ શાસ્ત્રોક્ત રીતે કરાવી. દીપકભાઈ અધ્વર્યુએ દિવ્ય પર્વોનું આધ્યાત્મિક માહાત્મ્ય સમજાવ્યું. પૂજનવિધિમાં શ્રી ઠાકોરજી સમક્ષ વડીલ ગૃહસ્થો અને સંતો યજમાન રૂપે બિરાજમાન થયા. યજમાનોએ શ્રી લક્ષ્મીને પંચામૃત તથા જળમાં શુદ્ધ કરી શ્રી ઠાકોરજી સમક્ષ પધરાવી. શ્રી ઠાકોરજીને ધરાવેલ શ્રી લક્ષ્મી તથા વહીઓ, ચોપડાઓ, પૂજાનાં પાન અને લૅપટૉપનાં પૂજન કરાયાં. પૂજાવિધિ દરમિયાન શ્રી ઠાકોરજીને થાળ-આરતી અર્પણ થયાં, સંતોએ મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી. પૂ. શાંતિદાદા લિખિત સંકલ્પ પૂ.ગોપાલભાઈએ કરાવ્યો અને તે સંકલ્પ સાકાર થાય તે માટે સૌએ ધૂન કરી. શાસ્ત્રોક્તવિધિથી સમગ્ર પૂજા સંપન્ન થઈ અને અંતે શ્રી ઠાકોરજીને થાળ-આરતી અર્પણ કરાયાં.

૮ નવેમ્બર, નૂતનવર્ષના પવિત્ર દિવસે ખૂબ ઉત્સાહ, આનંદ અને ભક્તિભાવથી અન્નકૂટ ઉત્સવ યોજાયો. આગલી રાતથી જ સર્વ બહેનો-યુવતીઓ તૈયારીમાં જોડાઈ ગયાં. આખી રાત મંદિરમાં સેવા કરી વિવિધ વાનગીઓ શ્રી ઠાકોરજીને ધરવા માટે તૈયાર કરી. સ્થાનિક ગૃહસ્થો શ્રી ઠાકોરજીને ધરવા વિવિધ વાનગીઓ ભાવથી બનાવીને લઈ આવ્યા. યુવકોએ ગર્ભગૃહમાં સુંદર સુશોભન કર્યાં તેમજ સંતોની અનુમતિ ને આશીર્વાદ લઈ વહેલી સવારથી સમગ્ર વાનગીઓ શ્રી ઠાકોરજી સમક્ષ ભક્તિભાવથી ગોઠવી.

સંતો પૂ. દિનેશભાઈ, પૂ. હરિભાઈ, પૂ. ગોપાલભાઈ અને પૂ. ઉમેશભાઈ આદિની દિવ્ય ઉપસ્થિતિમાં અનુપમ સૂરવૃંદના યુવકોએ સૂર અને તાલબદ્ધ ગાન કરી શ્રી ઠાકોરજીને થાળ ધરાવ્યા. સંતોએ આશીર્વાદ દીધા અને સર્વે સેવકોની ભક્તિને બિરદાવી. અંતમાં અન્નકૂટની આરતી અર્પણ કરીને તેમજ અન્નકૂટનો મહાપ્રસાદ લઈ સૌએ આનંદ આનંદ કર્યો ! ◆

**(મૌલિક અધ્વર્યુના અહેવાલ પરથી સંકલિત)**

**અનુપમ મિશન, સુરત :** ૭ નવેમ્બરના રોજ સંધ્યાટાણે સુરતના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી ઠાકોરજી સન્મુખ શ્રી લક્ષ્મીપૂજન તથા શ્રી સરસ્વતી પૂજનવિધિનો પ્રારંભ થયો. સ્થાનિક ભક્તો યજમાનપદે બિરાજમાન થયા. રાજુભાઈ, રોહિતભાઈ અને કમલેશભાઈએ આચાર્ય સ્વરૂપે શાસ્ત્રોક્ત ઢબે પૂજાવિધિ સંપન્ન કરાવી. યજમાનોએ શ્રી લક્ષ્મીજીને પંચામૃત અને જળમાં શુદ્ધ કરી શ્રી ઠાકોરજી સમક્ષ પધરાવી. શ્રી ઠાકોરજી સમક્ષ પધરાવેલ શ્રી વહીઓનાં પણ પૂજન કર્યાં. કાનજીબાપાએ ઉપસ્થિત સૌને આશીર્વાદ દીધા.

૮ નવેમ્બર, નૂતનવર્ષના પ્રારંભે પ્રાતઃ મંગલમિલન સભા યોજાઈ અને ત્યારબાદ અન્નકૂટોત્સવ ખૂબ આનંદ-ઉત્સાહ ને ભક્તિભાવથી ઉજવાયો. આગલી રાતથી સર્વ યુવાન-યુવતીઓ-ભક્તો અન્નકૂટોત્સવની તૈયારીમાં લાગી ગયાં. બહેનોએ ખૂબ ભાવથી બનાવેલ વિવિધ વાનગીઓની સુંદર કલાત્મક રીતે ગોઠવણી કરી શ્રી ઠાકોરજી સમક્ષ ધરાવી. નૂતનવર્ષે શ્રી ઠાકોરજીનાં દર્શન ખૂબ અદ્‌ભુત હતાં. સૌ ભક્તોએ ભાવથી થાળ અર્પણ કર્યા, અન્નકૂટ આરતી અર્પણ કરી. અંતમાં કાનજીબાપાએ સૌને નૂતનવર્ષની શુભેચ્છાઓ અને આશીર્વાદ પાઠવ્યા. સૌ ભક્તોએ અન્નકૂટનો મહાપ્રસાદ લઈ આનંદ માણ્યો. સમગ્ર દિવાળી ઉત્સવમાં તુંડી, નિઝર, બારડોલી, ખંભાસલા, નવસારી, નાની ચોવીસી આદિ સમગ્ર દક્ષિણ ગુજરાત પ્રદેશના મુક્તો ખાસ પધાર્યા અને સત્સંગલાભ પ્રાપ્ત કર્યો. ◆

**(અક્ષર ચૌહાણના અહેવાલ પરથી સંકલિત)**

**ઉપાસના ધામ, વેમાર :** અનુપમ મિશનના વેમાર મંદિરમાં પ્રકાશપર્વો ધામધૂમથી ઉજવાયાં. ૫ નવેમ્બર, ધનતેરસના શુભ દિવસે શ્રી લક્ષ્મીપૂજન, શ્રી શારદાપૂજન વિધિનું આયોજન કરવામાં આવ્યું. બ્રહ્મજ્યોતિથી પૂ. સતીશભાઈ, પૂ. ઉત્પલભાઈ, પૂ. મણિભાઈ, પૂ. ઘનશ્યામભાઈ આદિ સંતો અને ભક્તો પધાર્યા. પૂજાવિધિ કરાવનાર આચાર્ય સંતો અને સૂરવૃંદના ભાઈઓનાં પૂ. સતીશભાઈ અને પૂ. ઘનશ્યામભાઈએ પૂજન કરી ખેસ અર્પણ કર્યા. પૂ. ઉત્પલભાઈ અને કલ્પેશભાઈએ સુંદર પૂજાવિધિ કરાવી સૌને ભક્તિમય વાતાવરણમાં લીન કરી દીધા. પૂ. સતીશભાઈએ આશીર્વાદ આપી સંતભગવંત સાહેબજીની રુચિ, અભિપ્રાયની વાત સમજાવી. પ્રકાશપર્વો દરમિયાન દરરોજ શ્રી ઠાકોરજી સમક્ષ દીવાનું સુંદર સુશોભન કરી સૌએ સમૂહ આરતીનો લાભ લીધો.

૧૨ નવેમ્બર, લાભપાંચમના પવિત્ર દિવસે શ્રી ઠાકોરજી સમક્ષ ભક્તોએ ભેગા મળી અન્નકૂટ ધરાવ્યો. આ પ્રસંગે બ્રહ્મજ્યોતિથી સદ્‌ગુરુ સંત પૂ. હર્ષદદાદા સાથે પૂ. સતીશભાઈ, પૂ. મણિભાઈ, પૂ. ઘનશ્યામભાઈ, પૂ. હરેશભાઈ, પૂ. મૂકેશભાઈ આદિ સંતો પધાર્યા. આ પાવન પ્રસંગે સ્થાનિક અનેક મુક્તોએ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે નિર્માણાધીન નૂતન મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓ માટે સુવર્ણનાં યથાશક્તિ દાન અર્પણ કરી અદ્‌ભુત ભક્તિ અદા કરી. પૂ. સતીશભાઈ અને પૂ. હર્ષદદાદાએ સેવા-ભક્તિ કરનાર સૌ અક્ષરમુક્તોના ભાવને બિરદાવી આશીર્વાદ આપ્યા. વડોદરાના શ્રી અશ્વિનભાઈ-પ્રમુખ અને ફોફડિયાના જિતુભાઈ તથા બિપિનભાઈ નેતાએ આ પ્રસંગે ઉપસ્થિત રહી સૌની સેવા-ભક્તિની સરાહના કરી. ભક્તોએ થાળ-આરતી અર્પણ કરી, નૂતન વર્ષની પરસ્પર શુભેચ્છાઓ પાઠવી.

આ પ્રસંગે વડોદરા, કરજણ, સરભાણ, અવાખલ, સાધલી, સેગવા, ઈન્દોર, જૂની જિથરડી, પુનિયાદ, પીસાઈ, છાણભોઈ, બાણજ, રાજપીપળા, વેમારના સૌ ભકતોએ ઉપસ્થિત રહી સેવા-ભક્તિ સંતસમાગમનો દિવ્ય લાભ પ્રાપ્ત કર્યો. ◆

**ઉપાસના ધામ, અમદાવાદ :** અનુપમ મિશનના અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજી સમક્ષ ભક્તોએ ૩ નવેમ્બરના રોજ શ્રી લક્ષ્મીપૂજન અને શ્રી શારદાપૂજન વિધિ ભાવપૂર્ણ હૈયે સંપન્ન કરી. આ પ્રસંગે બ્રહ્મજ્યોતિ મોગરીથી પધારેલા પૂ. ડૉ. ભરતભાઈ પંડ્યા, પૂ. સતીશભાઈ, પૂ. ઉત્પલભાઈ તેમજ સ્થાનિક સંત પૂ. ગૌતમભાઈની સંનિધિ પ્રાપ્ત થઈ. યુવાનોએ ખૂબ સેવાઓ કરી મંદિર અને પ્રાંગણ સજાવ્યાં. પૂ. ઉત્પલભાઈના આચાર્યપદે શ્રી લક્ષ્મીપૂજન અને શ્રી શારદાપૂજનનો દિવ્ય વિધિ શાસ્ત્રોક્ત રીતે સંપન્ન થયો. પૂ. ડૉ. ભરતભાઈ અને પૂ. સતીશભાઈએ આશીર્વાદ વરસાવ્યા તેમજ સૌ યુવાનોની સેવાને બિરદાવી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત સૌ ભક્તોએ સમગ્ર ઉત્સવનો આનંદ પ્રાપ્ત કર્યો. અમદાવાદની યુવાન સ્વયંસેવક ટુકડીએ અથાક સેવાઓ કરી ભક્તિ અદા કરી. ◆

**અંકલેશ્વર :** અનુપમ મિશનના અંકલેશ્વર મંડળના ભક્તોએ ભેગા થઈ ૪ નવેમ્બરના રોજ શ્રી લક્ષ્મીપૂજન અને શ્રી સરસ્વતીપૂજન વિધિનું સુંદર આયોજન કર્યું. આ પ્રસંગે બ્રહ્મજ્યોતિ મોગરીથી પૂ. સતીશભાઈ, પૂ. મણિભાઈ, પૂ. ઉત્પલભાઈ, પૂ. ઘનશ્યામભાઈ અને કલ્પેશભાઈ પધાર્યા. પૂજાવિધિનો અધિકાર પ્રાપ્ત કર્યા બાદ પૂ. ઉત્પલભાઈ અને કલ્પેશભાઈએ સુંદર શાસ્ત્રોક્ત વિધિ સંપન્ન કરાવી. યજમાનોએ પોતાની શ્રી લક્ષ્મી અને શ્રી વહીઓનાં ભાવથી પૂજન કરી ભક્તિ અદા કરી. જિજ્ઞેશભાઈ અને રવિભાઈએ ઉત્સવ-માહાત્મ્ય સમજાવ્યું. પૂ. સતીશભાઈએ આશીર્વાદમાં સંતભગવંત સાહેબજીની રુચિ-અભિપ્રાયની ભક્તિ કરવા સૌને સમજ આપી. આ દિવ્ય પૂજાવિધિમાં બિરાજમાન યજમાનોને હૈયે શાસ્ત્રોક્તવિધિ અને સંતોનાં નિર્માનીપણાની અનુપમ દિવ્યતાનો સંસ્પર્શ થયો. ◆

**(રાજેશભાઈના અહેવાલ પરથી સંકલિત)**

**શિણાય :** અનુપમ મિશનના શિણાય કેન્દ્રમાં વિવિધ ભક્તિ કાર્યક્રમો નિયમિત યોજાય છે. નૂતન વર્ષે ૧૨ નવેમ્બર, લાભપાંચમની પાવન સંધ્યાએ સ્થાનિક મંડળના મુક્તોએ અને યુવાનોએ અન્નકૂટ ઉત્સવ ઊજવી ભક્તિ અદા કરી. સંતો પાસેથી માર્ગદર્શન મેળવી તૈયાર થયેલા યુવાનોએ સુંદર સુશોભન કરી પ્રભુભક્તિ અદા કરી. વળી, અનેક અક્ષરમુકતોએ પણ પ્રભુને ભિન્ન ભિન્ન વ્યંજનો જાતે બનાવીને ધરાવ્યાં. આ પ્રસંગે અનુપમ મિશન, મોગરીથી પૂ. દિલીપભાઈ, પૂ. દિવ્યેશભાઈ, પૂ. સંજયભાઈ આદિ સંતો પધાર્યા અને સૌ ભક્તોની ભક્તિને બિરદાવી આશીર્વાદ પાઠવ્યા. ◆

**સાઠંબા :** અનુપમ મિશનના સાઠંબા સત્સંગ કેન્દ્રમાં ૧૦ નવેમ્બરના રોજ વસંતભાઈના ઘરે શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરે સ્થાનિક સત્સંગીઓ દ્વારા અન્નકૂટ ઉત્સવ ઉજવાયો. આ પ્રસંગે અનુપમ મિશન-મોગરીથી સદ્‌ગુરુ સંત પૂ. પૂનમદાદા સાથે પૂ. ગોવિંદભાઈ, પૂ. દિવ્યેશભાઈ, પૂ. નરેન્દ્રભાઈ આદિ સંતો પધાર્યા. મંડળના મુકતોએ ખૂબ જહેમત ઉઠાવી અન્નકૂટ માટેની વાનગીઓ બનાવી પ્રભુચરણે ધરી અને અંતરની ભાવનાઓ



સંતોના સાંનિધ્યમાં અંકલેશ્વર મંડળમાં શ્રી લક્ષ્મીપૂજન-શ્રી શારદાપૂજન

પ્રભુને અર્પણ કરી જીવન દિવ્ય બનાવવાના સંકલ્પો કર્યા. પ્રજ્ઞેશભાઈ અને સંજયભાઈએ થાળનાં ભાવવાહી ગાન કર્યાં. પૂ. દિવ્યેશભાઈ, પૂ. ગોવિંદભાઈ અને પૂ. પૂનમદાદાએ આશીર્વાદ વરસાવ્યા. ◆

**માથાસુરિયા :** સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી માથાસુરિયા ગામમાં થોભણભાઈના ઘરે હરિમંદિરમાં ૭ નવેમ્બર, નૂતન વર્ષારંભે સ્થાનિક ભક્તો દ્વારા અન્નકૂટ ઉત્સવ ખૂબ ભાવથી ઉજવાયો. થોભણભાઈ અને ગામના સૌ મુક્તોએ અનેક વાનગીઓ બનાવી પ્રભુને અર્પણ કરી. સૌએ ઉત્સવનો આનંદ અને ભક્તિ કર્યાનો સંતોષ માણ્યો. આ પ્રસંગે માણાવદરથી સંતશ્રી પૂ. ભરતભાઈ ચપલા પધાર્યા, જેઓએ આશીર્વાદ આપી સૌની સેવાને બિરદાવી અને માહાત્મ્યયુક્ત ભક્તિની સુંદર સમજ આપી. ◆

**અનુપમ મિશન, ડેન્હમ-યુ.કે. :** અનુપમ મિશન, ડેન્હમ મંદિરે શ્રી ઠાકોરજી સમક્ષ દીપાવલીના ઉત્સવો ભારતથી ખાસ પધારેલ સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકા અને સ્થાનિક સંતો પૂ. હિંમતસ્વામી, પૂ. જયેન્દ્રભાઈ, પૂ. ભૂપાભાઈ, પૂ. યોગાભાઈ, પૂ. કિરણભાઈ આદિના સાંનિધ્યે ભક્તિભાવે ઉજવાયા. ૩ નવેમ્બરના રોજ શ્રી લક્ષ્મીપૂજન-શ્રી શારદાપૂજનવિધિ સંપન્ન થઈ. ૯૦ જેટલા યજમાનોએ પૂજનવિધિમાં ભાગ લીધો અને સંતોનાં દર્શન, આશીર્વાદ અને સમાગમનો લાભ લઈ આનંદ કર્યો. ઉપસ્થિત સૌ યજમાનોએ શ્રી લક્ષ્મી પ્રક્ષાલન કર્યાં બાદ સંતોએ પૂજન-પુષ્પવૃષ્ટિ કરી આશીર્વાદ આપ્યા.

વિશાળ સંખ્યામાં ગોઠવેલી વહીઓ અને પૂજાનાં પાનનાં પૂજન સર્વ યજમાનોએ કર્યાં. સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવ્યા અને શ્રી લક્ષ્મીજી સાથે શ્રી નારાયણનો મહિમા સમજાવી શુદ્ધ થયેલી લક્ષ્મીને અને પવિત્ર બુદ્ધિને પ્રભુના કાર્યમાં ગુરુના વચને ભક્તિરૂપે અર્પણ કરવાની સમજ આપી તેમજ આસક્તિરહિત થઈ ભગવાનના કાર્યમાં ૧૦% ધર્માદો અર્પણ કરી ભક્તિ કરવાની સૂઝ આપી. આ પ્રસંગે યુવાનો દ્વારા કરાયેલ અદ્‌ભુત ભક્તિને બિરદાવી તેઓએ રાજીપો વ્યક્ત કર્યો.

૪ નવેમ્બરના રોજ સવારે શ્રી ઠાકોરજીને અન્નકૂટ અર્પણ થયા. સૌ ભક્તો વિશેષ કરીને બહેનો વિવિધ વાનગીઓ જાતે બનાવીને લાવ્યાં. સર્વ બહેનો-ભાઈઓએ જે સેવાઓ કરી, વાનગીઓ લાવ્યાં, અન્નકૂટ ગોઠવ્યાં, સુશોભન કર્યાં; તે સર્વ પર પૂ. રતિકાકાએ રાજીપારૂપી આશીર્વાદ વરસાવ્યા. ઉપસ્થિત સૌ ભક્તોએ અન્નકૂટની આરતી અર્પણ કરવાનો લાભ લીધો. ૧૦૦૦થી વધારે અક્ષરમુક્તોએ અન્નકૂટનાં દર્શન કરી ધન્યતા માણી. ◆

**(પૂ. હિંમતસ્વામીના અહેવાલ પરથી સંકલિત)**

**અનુપમ મિશન, ઍલનટાઉન-અમેરિકા :** ઍલનટાઉનમાં શિખરસંપન્ન મંદિરે શ્રી ઠાકોરજી સમક્ષ ૫ નવેમ્બરના રોજ શ્રી લક્ષ્મી-શ્રી શારદાપૂજન વિધિ આચાર્ય પૂ. જયેશભાઈનાં માર્ગદર્શન મુજબ સંપન્ન થઈ. સદ્‌ગુરુ સંત પૂ. બૅરિસ્ટરસાહેબ, પૂ. જયેશભાઈ, પૂ. નરેન્દ્રભાઈ, પૂ. કૌશિકભાઈ, પૂ. અરવિંદભાઈ આદિ સંતોનાં માર્ગદર્શન હેઠળ સમગ્ર આયોજન થયાં. સૌ યજમાનોએ ઉપાર્જિત કરેલ શ્રી લક્ષ્મીજી અને હિસાબના ચોપડાઓનાં પૂજન કર્યાં. સામૂહિક આરતી અર્પણ કરી અને સંતોએ આશીર્વાદ આપ્યા. સંતભગવંત સાહેબજીના આશીર્વાદનું પઠન પૂ. જયેશભાઈએ કર્યું. આ પ્રસંગે ડૉ. જિતુભાઈ, ડૉ. વિષ્ણુભાઈ, ડૉ. દ્રુપદભાઈ, ડૉ. ભૂપેન્દ્રભાઈ, હરીશભાઈ, મૂકેશભાઈ કઠીવાલા, અતુલભાઈ શેઠ આદિની પ્રેરક ઉપસ્થિતિ રહી.

૧૦ નવેમ્બરના રોજ શ્રી ઠાકોરજીને સૌ મુક્તોએ ખૂબ ભક્તિભાવે અન્નકૂટ ધરાવ્યો. સૌ બહેનોએ સુનીતાબહેનના નેતૃત્વે મંદિરમાં જ અનેક વાનગીઓ બનાવી ને ધરાવી. યુવતીઓ દ્વારા પણ અનેક વાનગીઓ તૈયાર કરાવી. સંતો અને યુવાનોએ સુશોભન અર્થે સરસ તૈયારીઓ કરી. સેવાના અનુપમ સમન્વયનાં સૌને દર્શન થયાં. સૌએ ખૂબ ભાવથી થાળનાં ગાન કર્યાં અને આરતી અર્પણ કરી ભક્તિ અદા કરી. આ બંને પ્રસંગે ન્યૂજર્સી, પૅન્સિલવૅનિયા, બૉસ્ટન, પૉકોનો, ફિલાડેલ્ફિયા, બૅથલેહામ, લૅન્સડેલ, ગૅટિસબર્ગ આદિ મંડળોમાંથી ખૂબ મોટી સંખ્યામાં અક્ષરમુક્તો પધાર્યા. ◆

**(સોનલબહેનના અહેવાલ પરથી સંકલિત)**



ઉત્તર ગુજરાતના સાઠંબામાં નૂતન વર્ષે શ્રી ઠાકોરજીને અન્નકૂટભક્તિ અર્પણ



સૌરાષ્ટ્રના માથાસુરિયા ગામે શ્રી ઠાકોરજીને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ

**લુઝિયાના, અમેરિકા :** અનુપમ મિશનના લુઝિયાના મંડળમાં સંતભગવંત સાહેબજીને રાજી કરવાના ભાવથી સ્થાનિક ૭૦થી વધુ અક્ષરમુક્તોએ ભેગા મળી ૨૭ ઑક્ટોબરના રોજ શ્રી ઠાકોરજીને અન્નકૂટ અર્પણ કરી ભક્તિ અદા કરી. આ પ્રસંગે ડલાસ, લૅક ચાર્લ્સ આદિ સ્થળોથી પણ ભક્તો પધાર્યા. હળીમળીને એકમના થઈ વિવિધ વાનગીઓ તૈયાર કરી, શ્રી ઠાકોરજી સમક્ષ તેને સુશોભિત કરી ભક્તોએ ભક્તિ અદા કરી. ભાવવાહી હૈયે થાળનાં ગાન કરી અન્નકૂટ ઉત્સવની આરતી અર્પણ કરી. સૌએ નૂતન વર્ષના પ્રારંભે સામૂહિક ધૂન કરી સૌની સુખાકારી માટે પ્રાર્થનાઓ કરી. ◆

**બ્રિસબેન, ઑસ્ટ્રેલિયા :** અનુપમ મિશનના બ્રિસબેન કેન્દ્રમાં શ્રી લક્ષ્મીપૂજન–શ્રી શારદાપૂજનવિધિ ૮૦ જેટલા અક્ષરમુક્તોની ઉપસ્થિતિમાં ભાવપૂર્વક સંપન્ન થઈ. સૌ કોઈ આખુંય વર્ષ આ ઉત્સવની રાહ જોતા હોય છે. સમૈયો નજીક આવતાં સૌએ એકત્ર થઈ અનેક સેવાઓની જવાબદારી સ્વીકારી લીધી. જોગાનુજોગ જે હૉલમાં પૂજાવિધિ થવાની હતી તેની નજીકના હૉલમાં પધારેલ ગુજરાતી મુમુક્ષુઓ સાહેબજીના ભક્તોની સેવાથી પ્રભાવિત થઈને મળવા પધાર્યા અને પૂજનવિધિમાં યજમાનપદે બિરાજી શાસ્ત્રોક્ત વિધિનો લાભ પામી ધન્ય થયા. બાળકોમાં ભારતીય સંસ્કૃતિના સંસ્કાર ઉજાગર પામે તે હેતુથી બાળકો માટે સંક્ષિપ્ત પૂજનવિધિનું સવિશેષ આયોજન કરવામાં આવ્યું. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના પ્રિરૅકોર્ડેડ વિડિયો આશીર્વાદ પ્રાપ્ત કરી સૌ ધન્ય થયાં. ◆

**(મિત્તલબહેનના અહેવાલ પરથી સંકલિત)**

**સિડની, ઑસ્ટ્રેલિયા :** ૪ નવેમ્બરના રોજ અનુપમ મિશનના સિડની કેન્દ્રમાં રૉઝ હિલ કૉમ્યુનિટી હૉલમાં ૭૦ જેટલા અક્ષરમુક્તોએ એકત્ર થઈ શ્રી લક્ષ્મીપૂજન અને શ્રી શારદાપૂજનવિધિનો લાભ લીધો. પ્રિરૅકોર્ડેડ પૂજનવિધિ વિડિયોનાં દર્શનની સાથે આખીયે પૂજા ભાવપૂર્વક સંપન્ન થઈ. અંતે સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના પ્રિ- રૅકોર્ડેડ આશીર્વાદનાં દર્શન-શ્રવણ સૌએ કર્યાં. દીપેનભાઈ રુગાણીનાં માર્ગદર્શને મંડળના સૌએ અદ્‌ભુત સેવાઓ કરી. બહેનો ઘરેથી વિવિધ પ્રકારનાં વ્યંજનો તૈયાર કરીને લાવ્યાં જે શ્રી ઠાકોરજીને ધરાવી અને અંતે સૌએ ભેગાં મળી મહાપ્રસાદ લીધો. ◆

**(શીતલબહેનના અહેવાલ પરથી સંકલિત)**

**ઑકલૅન્ડ, ન્યૂઝીલૅન્ડ :** અનુપમ મિશનના ઑકલૅન્ડ કેન્દ્રમાં શ્રી લક્ષ્મીપૂજન, શ્રી સરસ્વતીપૂજન અને અન્નકૂટ ઉત્સવની ભવ્ય ઉજવણી સૌ ભક્તોએ ભેગાં મળી ૪ નવેમ્બરના રોજ કરી. પ્રિરૅકોર્ડેડ વિડિયો દ્વારા માર્ગદર્શન મેળવી શ્રી લક્ષ્મીપૂજન–શ્રી શારદાપૂજનવિધિ સંપન્ન કરાઈ. બહેનોએ વિવિધ વાનગીઓ તૈયાર કરી હતી તે સંપ, સુહૃદભાવ અને એકતાથી, હળીમળીને પ્રભુચરણે અન્નકૂટ સ્વરૂપે સુંદર ગોઠવણી કરી પ્રભુને થાળ અર્પણ કરાયા. ગૌરાંગભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં. આ પ્રસંગે યોગી ડિવાઇન સોસાયટીના મોહનકાકા, શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થાના સુજલભાઈ તથા મુક્તોએ ઉપસ્થિત રહી સૌના ઉત્સાહમાં વધારો કર્યો. અમિતાબહેન અને જ્હૉનુભાઈએ સૌનો આભાર માની સૌની સેવાને બિરદાવી. ◆

**(મેઘનાબહેનના અહેવાલ પરથી સંકલિત)**

**પર્થ, ઑસ્ટ્રેલિયા :** પર્થ મંડળના અક્ષરમુક્તોએ એકત્ર થઈને પ્રકાશપર્વોની ઉજવણી યોકાઇન કૉમ્યુનિટી હૉલમાં કરી. ૪ નવેમ્બરના રોજ શ્રી લક્ષ્મી–શ્રી શારદાપૂજન વિધિ પ્રિરૅકોર્ડેડ વિડિયોના માધ્યમથી ભાવપૂર્વક સંપન્ન થઈ. આ પ્રસંગે સંતભગવંત સાહેબજીના પ્રિરૅકોર્ડેડ વિડિયો આશીર્વાદ પ્રાપ્ત કરી સૌ ધન્ય થયાં. આબાલવૃદ્ધ સૌએ ખૂબ સેવાઓ કરી.

વળી, ૧૧ નવેમ્બરના રોજ અન્નકૂટ ઉત્સવનું આયોજન કરી સૌએ ભક્તિ અદા કરી. બાળકોએ શ્લોકગાનથી શ્રી ઠાકોરજીનાં આવાહન કર્યાં તેમજ થાળનાં ગાન કરી શ્રી પ્રભુને પ્રાર્થનાઓ કરી. ગૃહસ્થ ભાઈઓ–બહેનોએ સ્વાદિષ્ટ વ્યંજનો તૈયાર કરી શ્રી ઠાકોરજી સમક્ષ કલાત્મક રીતે અર્પણ કરી. આ પ્રસંગે એકત્ર કરાયેલ દાન ઑસ્ટ્રેલિયન ફૂડ બૅન્કને દાન કરી દેશ પ્રતિની સેવાની જવાબદારી સૌ મુક્તોએ વ્યક્ત કરી. ◆

**(કેયૂરભાઈના અહેવાલ પરથી સંકલિત)**



**અમેરિકાના લુઝિયાના મંડળના મુક્તો દ્વારા શ્રી ઠાકોરજીને અન્નકૂટ અર્પણ**



**ઑસ્ટ્રેલિયાના સિડની મંડળના મુક્તો દ્વારા શ્રી લક્ષ્મી–શ્રી સરસ્વતીપૂજન**